|| प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ||

|| विद्या समीक्षा केन्द्र ||

# SCE Patrak

## DATA ENTRY

# User Manual-PATRAK - A

શૈક્ષણિક સત્રના અંતે વિદ્યાર્થીઓના પરિણામ માટે રાજ્ય કક્ષાએથી નિયત કરેલા વિવિધ પત્રકો શાળામાં નિભાવવામાં આવે છે. શિક્ષકોની સરળતા અને કામનું પુનરાવર્તન ટાળવાના હેતુસર રાજ્ય કક્ષાએથી SCE ના વિવિધ પત્રકોની DATA ENTRY શરુ કરવામાં આવી છે. જેમાં પત્રક A, પત્રક B અને પત્રક C ના  સ્વ અધ્યયન કાર્યના આધારે ગુણની DATA ENTRY કરવાની રહેશે. ત્યારબાદ આ તમામ પત્રકની pdf સ્વરૂપે ફાઈલ મેળવી શકશો. આ ઉપરાંત પત્રક C માટેના તમામ DATA સંગૃહિત કરી સીધું તૈયાર સ્વરૂપે મળી રહેશે. જેથી શિક્ષક મિત્રોએ જે તમામ પત્રકોમાં અલગ અલગ DATA ENTRY કરી અથવા જાતે વિવિધ પત્રકો બનાવવામાં આવે છે તે કામની પુનરાવર્તન ટાળીને એક જ DATA ENTRY માં તમામ રીપોર્ટ મેળવી શકશે.


હાલ અત્રે પત્રક A માટે DATA ENTRY શરુ કરેલ છે. આ માટે XAMTA APP પર કઈ રીતે  DATA ENTRY કરવી તે  માટેના સોપાનો અત્રે દર્શાવેલ છે, તમામ શાળાના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રો સુધી આ માર્ગદર્શિકા ઉપલબ્ધ થાય અને સત્વરે DATA ENTRY શરુ કરવામાં આવે તે અપેક્ષિત છે.




Xamta શરુ કરવા માટે આપેલ લીંક પર ક્લિક કરો
અથવા QR Code સ્કેન કરો.


GET IT ON Google Play

https://bit.ly/xamta





લિંક પર ક્લિક કર્યા બાદ આપના **મોબાઈલ નંબર** એન્ટર કરો.

**SEND OTP** બટન પર ક્લિક કરો.




આપના મોબાઈલ પર OTP આવશે જેને અહીં એન્ટર કરવાનો રહેશે.


ત્યારબાદ **CONFIRM** બટન પર ક્લિક કરો.





- અહિ આપે **Xamta** પર ક્લિક કરવાનું છે.




Xamta પર ક્લિક કર્યા બાદ Xamta App શરુ થાય છે જેમાં કમ્પ્યુટર/ મોબાઇલ ની સ્ક્રીનની  નીચેની બાજુ “Hi” લખેલો  મેસેજ લખેલ જોવાં મળશે.




**“Hi” લખેલો મેસેજ લખેલ જોવાં send કર્યા બાદ REPLY મળશે જેમાં CHAT માટેની ભાષા પુછવામાં આવશે. જેમાં ગુજરાતી અને English બે વિકલ્પ જોવા મળશે. જેમાં ગુજરાતી પર ક્લિક કરશો. ત્યારબાદ નીચેના Chat Box માં ગુજરાતી type થઇ જશે.**




"ભાષા પસંદ કાર્ય બાદ શાળાનો 11 અંકનો શાળા કોડ દાખલ કરવા માટે મેસેજ મળશે. નીચેના message Box માં શાળાનો 11 અંકનો શાળા કોડ દાખલ કરવાનો રહેશે. ત્યારબાદ પર ક્લિક કરવાનું રહેશે.

શાળાનો 11 અંકનો શાળા કોડ મેસેજ send કર્યા બાદ શાળાની વિગતો જેવીકે શાળા કોડ
શાળાનું નામ
લાગુ પડતો તાલુકો અને જિલ્લો જોવાં મળશે.
આ વિગતોની ખરાઈ બાદ વિગાતો સાચી હોય તો
" **હા, આ મારી શાળા છે.**" પર ક્લિક કરવાનું રહેશે.
અને માહિતીમાં કોઈ ભૂલ છે તો
"**ના, UDISE કોડ ફરીથી દાખલ કરો**" પર ક્લિક કરતા તે મેસેજ Send થઇ જશે.




શાળાનો 11 અંકનો શાળા કોડ મેસેજ send કર્યા બાદ શાળાની વિગતોની ખરાઈ બાદ " **હા, આ મારી શાળા છે.**" પર મેસેજ send કર્યા બાદ "કૃપા કરીને તમારો 8 અંકનો શિક્ષક કોડ દાખલ કરો" મેસેજ જોવા મળશે. નીચેના message Box માં Teacher Portal પર આપેલો 8 અંકનો શિક્ષક કોડ Type કરી પર ક્લિક કરવાનું રહેશે.

8 અંકનો શિક્ષક કોડ send કર્યા બાદ શિક્ષકની વિગતો જોવા મળશે. જેમાં

**શિક્ષક કોડ:**

**નામ:**

**હોદ્દો:**

જેવી વિગતો જોવાં મળશે.


આ વિગતોની ખરાઈ બાદ વિગતો સાચી હોય તો " **હા, વિગતો સાચી છે.**" પર ક્લિક કરવાનું રહેશે. અને વિગતોમાં કોઈ ભૂલ છે તો "**ના, શિક્ષક કોડ ફરીથી દાખલ કરો**" પર ક્લિક કરતા મેસેજ send થઇ જશે.





શિક્ષકની વિગતોની ખરાઈ કર્યા બાદ સફળતાપૂર્વક નોંધણી થઇ ગયા નો મેસેજ મળશે.

શિક્ષકની વિગતોની ખરાઈ કર્યા બાદ સફળતાપૂર્વક નોંધણી થયા બાદ હવે સત્રાંત કસોટીના ગુણની એન્ટ્રી કરી શકો છો


એકમ કસોટીના ગુણની એન્ટ્રી કરવા માટે વિદ્યાર્થીના ગુણ દાખલ કરો પર ક્લિક કરતા નીચેના message Box માં તે મેસેજ Type થઇ જશે




“વિદ્યાર્થીના ગુણ દાખલ કરો” નો massege send કર્યા બાદ ધોરણની યાદી જોવા મળશે જેમાંથી જે ધોરણ માટે એન્ટ્રી કરવા ઈચ્છો છો તે ધોરણ પર ક્લિક કરતા મેસેજ send થઇ જશે





પસંદ કરેલા ધોરણનો વર્ગ પસંદ કરવા માટે લાગુ પડતા વર્ગ પર ક્લિક કરતાં તે મેસેજ send થઇ જશે





ધોરણ અને વર્ગ પસંદ કર્યા બાદ પરીક્ષા પસંદ કરવા માટેનો વિકલ્પ આવશે. જેમાં **PATRAK-A** પર ક્લિક કરતાં send થઇ જશે




શાળાના પસંદ કરેલ ધોરણ, વર્ગ અને પરિક્ષા પસંદ કર્યા બાદ જે વિષયના PATRAK-A ના ગુણની એન્ટ્રી કરવા જઈ રહ્યા છો તે વિષય પર ક્લિક કરતા Send થઇ જશે




ધોરણ, વર્ગ,પરીક્ષા અને વિષય પસંદ કર્યા બાદ વિદ્યાર્થીઓના ગુણની એન્ટ્રી કરવા માટે **Enter Marks** પર ક્લિક કરતા એક નવી સ્ક્રીન open થશે.




**Enter Marks** કર્યા બાદ પસંદ કરેલ ધોરણ અને વર્ગ સાથે વિષયની વિગતો જોવાં મળશે. ત્યારબાદ સ્ક્રીન સ્ક્રોલ કરશો.




સ્ક્રીન સ્ક્રોલ કર્યા બાદ પસંદ કરેલ ધોરણ અને વિષયના અધ્યયન નિષ્પત્તિની યાદી જોવા મળશે. જેમાં PATRAK-A માટે જે અધ્યયન નિષ્પત્તિ (LO) નું મુલ્યાંકન કરેલ હોય તે અધ્યયન નિષ્પત્તિ (LO) પસંદ કરશો. અહીં ઓછામાં ઓછા 10 અને મહત્તમ 20 અધ્યયન નિષ્પત્તિ પસંદ કરી શકશો.






સ્ક્રીન સ્ક્રોલ કર્યા બાદ પસંદ કરેલ ધોરણ અને વિષયના અધ્યયન નિષ્પત્તિની યાદી જોવા મળશે. જેમાં PATRAK-A માટે જે અધ્યયન નિષ્પત્તિ (LO) નું મુલ્યાંકન કરેલ હોય તે અધ્યયન નિષ્પત્તિ (LO) પસંદ કરશો. અહીં ઓછામાં ઓછા 10 અને મહત્તમ 20 અધ્યયન નિષ્પત્તિ પસંદ કરી શકશો. અધ્યયન નિષ્પત્તિ (LO) પસંદ કર્યા બાદ પસંદ કરેલ LO SAVE કરવાના રહેશે.





પસંદ કરેલ LO SAVE કર્યા બાદ તે LO ની યાદી **<u>SUBMIT</u>** કરવાની રહેશે.


યાદી SUBMIT કરતાં પહેલા તેને ચકાસી લેવાનું રહેશે.









**SUBMIT** કર્યા બાદ પસંદ કરેલ ધોરણ અને વિષયની અધ્યયન નિષ્પત્તિની યાદી જોવા મળશે.









વિદ્યાર્થીઓના PATRAK A માટેના ગુણની એન્ટ્રી કરવા માટે **Record Student Performance** પર ક્લિક કરવાનું રહેશે.









વિદ્યાર્થીઓના PATRAK A માટેના ગુણની એન્ટ્રી કરવા માટે **Record Student Performance** પર ક્લિક કર્યા બાદ Select student પર ક્લિક કરતાં તે ધોરણના વિદ્યાર્થીઓની યાદી જોવા મળશે. જેમાં ક્રમશઃ વિદ્યાર્થી પસંદ કરી શકશો.




- અહીં વિદ્યાર્થી હાજર છે કે ગેરહાજર તે પસંદ કરવાનું રહેશે.





જે વિદ્યાર્થીને હાજર દર્શાવશો તે વિદ્યાર્થીના અધ્યયન નિષ્પત્તિવાર ગુણની એન્ટ્રી માટે પસંદ કરેલ LO ની યાદી જોવા મળશે. જેમાં દરેક LO ની સામે ડ્રોપડાઉનમાં વિદ્યાર્થીએ મેળવેલ સિદ્ધિ દર્શાવતું ચિહ્ન પસંદ કરવાનું રહેશે. અહી પત્રક A માટે **√ - X - ?** આ 3 ચિહ્ન જોવા મળશે. જેમાં

જે LO વિદ્યાર્થીએ સિદ્ધ કરેલ છે તે LO ની સામે **√** ચિહ્ન પસંદ કરવાનું રહેશે.


જે LO વિદ્યાર્થી સિદ્ધ કરેલ નથી તે LO ની સામે **X** ચિહ્ન પસંદ કરવાનું રહેશે.


જે LO વિદ્યાર્થી સિદ્ધ કરવા માટે વધુ પ્રયત્નની જરૂર છે તે LO ની સામે **?** ચિહ્ન પસંદ કરવાનું રહેશે.









જે વિદ્યાર્થીને હાજર દર્શાવશો તે વિદ્યાર્થીના અધ્યયન નિષ્પત્તિવાર ગુણની એન્ટ્રી માટે પસંદ કરેલ  તમામ LO ની સામે ચિહ્નની એન્ટ્રી કર્યા બાદ છેલ્લે SAVE બટન પર ક્લિક કરવાનું રહેશે.









SAVE બટન પર ક્લિક કર્યા બાદ પસંદ કરેલ વિદ્યાર્થીના ગુણની એન્ટ્રી SAVE થઇ ગઈ છે, તેનો મેસેજ જોવા મળશે.









- જે વિદ્યાર્થીના LO ની DATA ENTRY થઇ અને SAVE  થયેલ છે  તે વિદ્યાર્થીના નામની સામે Saved (Present) લખાયેલું જોવા મળશે.
- ક્રમશઃ દરેક વિદ્યાર્થીઓના નામ પસંદ કરી આ મુજબ PATRAK – A ની DATA ENTRY કરવાની રહેશે.









તમામ વિદ્યાર્થીઓના PATRAK – A ની DATA ENTRY પૂર્ણ થયા બાદ માહિતી SUBMIT કરવાની  થાય છે જેના માટે આ સ્ક્રીન બંધ કરવાની રહેશે. જેમાં સ્ક્રીનમાં ઉપર ડાબી બાજુએ આપેલ x નિશાની પર પર ક્લિક કરી આ સ્ક્રીન બંધ કરવાની રહેશે.









તમામ વિદ્યાર્થીઓના PATRAK – A ની DATA ENTRY પૂર્ણ થયા બાદ માહિતી SUBMIT કરવાની થાય છે જેના માટે આ સ્ક્રીન બંધ કરશો એટલે આ મુજબની સ્ક્રીન જોવા મળશે. જ્યાં ચાલુ રાખો / Continue બટન જોવા મળશે.









- તમામ વિદ્યાર્થીઓના ગુણની એન્ટ્રી પૂર્ણ થયા બાદ ગુણ સબમિટ કરવા માટેનો message જોવા મળશે. જેમાં ગુણ સબમિટ કરવા માટે **“હા”** વિકલ્પ પર ક્લિક કરતા Send થઇ જશે




તમામ વિદ્યાર્થીઓના ગુણની એન્ટ્રી પૂર્ણ કરી DATA submit કર્યા બાદ જે વિષયના ગુણ દાખલ કર્યા હશે તે વિષયનો રીપોર્ટ ડાઉનલોડ કરવા માટે **પરીક્ષા રીપોર્ટ ડાઉનલોડ કરો** પર ક્લિક કરશો.




**પરીક્ષા રીપોર્ટ ડાઉનલોડ કરો** પર ક્લિક કર્યા બાદ જે વિષયના ગુણ દાખલ કર્યા હશે તે વિષયનો રીપોર્ટ ડાઉનલોડ કરવા માટે Excel ફાઈલ ડાઉનલોડ કરવા માટેનો વિકલ્પ જોવા મળશે. જેના પર ક્લિક કરતાં તે વિષયનો રીપોર્ટ Excel ફાઈલ માં ડાઉનલોડ થઇ જશે. આગળની સ્લાઈડમાં તેનો નમૂનો દર્શાવેલ છે.

| પરિશિષ્ટ – A (રચનાત્મક મૂલ્યાંકન પત્રક) | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શાળા નું નામ : TEST SCHOOL 1 | | | | | | | | | | | | | | | | | | | | વર્ષ: 2025-26 | | | | | | |
| વિષય : Maths | | | | | | | | | ધોરણ : 7 A | | | | | | | | | | | સત્રની કુલ શિક્ષણ સિદ્ધિ : 20 | | | | | | |
| | | | શૈક્ષણિક સિદ્ધિઓ (મહત્તમ 20) | | | | | | | | | | | | | | | | | | | | કુલ મેળવેલા ગુણ | | | |
| | | | પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર તથા | પૂર્ણાંક સંખ્યાઓના સરવાળા તથા | પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર કરે છે. | ઉદાહરણો/પેટર્ન દ્વારા પૂર્ણાંક સંખ્યાઓના | પૂર્ણાંક સંખ્યાઓના ભાગાકાર કરે છે. | અપૂર્ણાંકોના ગુણાકાર તથા ભાગાકારની | અપૂર્ણાંક દ્વારા પૂર્ણ સંખ્યાના ભાગાકાર કરે છે. | અપૂર્ણાંક દ્વારા અન્ય અપૂર્ણાંકના ભાગાકાર કરે છે. | દશાંશ સંખ્યાના પૂર્ણ સંખ્યા અને દશાંશ સંખ્યા | દશાંશ સંખ્યાના 10,100,1000 વડે ગુણાકાર કરે છે. | દશાંશ સંખ્યાનો પૂર્ણ સંખ્યા અને દશાંશ સંખ્યા વડે | દશાંશ સંખ્યાના 10,100,1000 વડે ભાગાકાર કરે છે. | દશાંશ સંખ્યાનો ઉપયોગ રોજીંદા વ્યવહારમાં | દશાંશ સંખ્યાના ગુણાકાર – ભાગાકારનો | સમય સંખ્યાને લગતા રોજીંદા જીવનના | ઘાત સ્વરૂપનો ઉપયોગ કરી, મોટી સંખ્યાના | પુનરાવર્તિત ગુણાકારને ઘાત સ્વરૂપે દર્શાવે છે. | ઘાત સ્વરૂપની કિંમત શોધે છે. | ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરી સાદુ | ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરી | | | | |
| ક્રમ સંખ્યા | વિદ્યાર્થીનું નામ | હાજરી | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | ✓ | ? | X | સ્કોર |
| 1 | KAILASH TANDON | P | ✓ | ? | ✓ | X | ✓ | ✓ | ✓ | X | X | X | ✓ | ✓ | ✓ | X | X | ✓ | ✓ | ✓ | ? | ✓ | 12 | 2 | 6 | 12 |

આ પ્રમાણે પત્રક A નો રીપોર્ટ જોવાં મળશે જેમાં જે તે ધોરણમાં શિક્ષકે જે અધ્યયન નિષ્પત્તિઓ પસંદ કરેલ હશે તેમાં તે ધોરણના વિધાર્થીઓએ અધ્યયન નિષ્પત્તિવાર મેળવેલ સિદ્ધિઓ જોવા મળશે. આ પ્રમાણે પત્રક A શિક્ષકોને ડાઉનલોડ કરી તેની પ્રીન્ટ આઉટ મેળવી શકશે.




Xamta અંતર્ગત વિદ્યાર્થીઓના ગુણની એન્ટ્રી સંદભે કોઈ ટેકનીકલ સમસ્યા જણાય તો 07923973615 પર પર (10:30 am થી 6:00 pm) સુધી ફોન કરી માર્ગદર્શન મેળવી શકશો.

# આભાર

Xamta

|| प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ||

|| विद्या समीक्षा केन्द्र ||